# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-10-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

****************************************************

**1)** પશ્ચિમ બંગાળમાં, ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગના સંબંધમાં ધરપકડ કરાયેલા સાત લોકોને અદાલતે 10 દિવસના રિમાન્ડ આપ્યા.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશની દુર્ઘટનામાં મૃતકોના પરિવારજનોને રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી સહાયની જાહેરાત કરી.

**3)** દિલ્હી પોલીસના IFSO યુનિટે પાંચ રાજ્યોમાં એક કરોડ ત્રેપન લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી થતી અટકાવી.

**4)** ફ્રાન્સમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં એક હજાર આઠસો લોકોની ધરપકડ કરવામાં આવી.

**5)** જાપાનના આઈચી-નાગોયામાં આજે 'એશિયન પેરા ગેમ્સ 2026'નો પ્રારંભ થયો.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE WB- PANDAL- STAMPEDE

પશ્ચિમ બંગાળમાં, ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગના સંબંધમાં ધરપકડ કરાયેલા સાત લોકોને આજે સ્થાનિક અદાલતે 10 દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દીધા છે. ગઈકાલે સાંજે વરસાદ વચ્ચે ભીડ અચાનક વધી જવાથી આ નાસભાગ સર્જાતા 19 લોકોના મોત થયા અને ૨૫ લોકો ઘાયલ થયા છે.

ધરપકડ કરાયેલા લોકોમાં પૂજા સમિતિના સચિવ અને ઉપપ્રમુખ તેમજ ખાનગી સુરક્ષા એજન્સીના બે કર્મચારીઓનો સમાવેશ થાય છે. પોલીસે આ ઘટનાના સંબંધમાં 'હત્યા ન ગણાય તેવી માનવ હત્યા' નો કેસ નોંધ્યો છે.

રાજ્ય સરકારે મૃતકોના દરેક પરિવારને 25 લાખ રૂપિયાનું વળતર અને એક નોકરી આપવાની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે પણ મૃતકોના નજીકના સંબંધીઓને બે લાખ રૂપિયાની સહાય અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ ઘટના માટે જવાબદારી નક્કી કરવાના હેતુથી સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) દ્વારા તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

# MP-ACCIDENT

મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લાના સતાઓ ગામમાં શીતલા માતા મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે થયેલા ટ્રક અકસ્માતમાં મૃત્યુઆંક વધીને 14 થઈ ગયો અને 48 ઇજાગ્રસ્ત થયા છે

( BYTE - ડૉ. મોહન યાદવ )

મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

# LEH HIGH COURT

આજે લેહમાં જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ ઉચ્ચ ન્યાયાલય ની લદ્દાખ ખંડપીઠ નું ઉદ્ઘાટન મુખ્ય ન્યાયમૂર્તિ  સૂર્યકાંતએ કર્યું હતું. આ પ્રસંગે સર્વોચ અદાલત ના ન્યાયમૂર્તિ  એમ એમ સુંદરેશ, પી એસ નરસિંહા અને અરુણ પલ્લી, ઉચ્ચ ન્યાયાલયના  ન્યાયમૂર્તિઓ .ભારતના એટર્ની જનરલ આર વેંકટરામણી અને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના હાજર રહ્યા હતા.

# DRI DRUG

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે તમિલનાડુના નાગપટ્ટિનમ જિલ્લાના એક દરિયાકાંઠાના ગામમાંથી આશરે 100 કરોડ રૂપિયાથી વધુની કિમતનું 137 કિલોગ્રામ પ્રતિબંધિત સિન્થેટિક માદક પદાર્થ ક્રિસ્ટલ મેથામ્ફેટામાઇન જપ્ત કર્યું છે.

અધિકારીઓએ સઘન દેખરેખ હાથ ધરીને શ્રીલંકામાં પ્રતિબંધિત માદક પદાર્થની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહેલા શંકાસ્પદ દરિયાકાંઠાના માદક પદાર્થ ટ્રાફિકિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ડિરેક્ટોરેટે ચાર લોકોની ધરપકડ કરી છે અને વેચાણમાંથી મળેલી રકમ 10 લાખ રૂપિયા જપ્ત કરી છે.

# DELHI POLICE-CYBER FRAUD

દિલ્હી પોલીસના 'ઇન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન્સ' (IFSO) યુનિટે પાંચ રાજ્યોમાં એક કરોડ ત્રેપન લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી થતી અટકાવી છે. આ યુનિટે દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પાંચ અલગ-અલગ કિસ્સાઓમાં સમયસર દરમિયાનગીરી કરીને શંકાસ્પદ નાણાકીય વ્યવહારોને ટ્રેક કર્યા અને સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને ઓળખી કાઢ્યા. આમાંના મોટાભાગના કિસ્સાઓ વરિષ્ઠ નાગરિકો સાથે સંબંધિત છે, જેમને 'ડિજિટલ અરેસ્ટ' (Digital Arrest) કૌભાંડ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા.

દિલ્હી પોલીસે સ્પષ્ટ કર્યું  છે કે કાયદામાં 'ડિજિટલ અરેસ્ટ' જેવી કોઈ જોગવાઈ નથી. કે પોલીસ, CBI, NIA, TRAI, RBI કે કોર્ટના કોઈ પણ અધિકારી ક્યારેય વીડિયો કોલ દ્વારા કોઈની ધરપકડ કરતા નથી.

# SAUDI-INDIANS-DIRECTIVES

સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં ભારતીય દૂતાવાસે આજે ભારતીય નાગરિકોને હૂતી બળવાખોરો દ્વારા ડ્રોન અને મિસાઇલ હુમલાઓ બાદ સલામતી માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ કરી છે. લોકોને ઘરની અંદર રહેવા, બારીઓ અને ખુલ્લી જગ્યાઓ ટાળવા, વિડિઓ રેકોર્ડિંગની ઘટનાઓથી દૂર રહેવા અને સત્તાવાર ચેતવણીઓનું પાલન કરવા કહેવામાં આવ્યું છે. કટોકટીની સ્થિતિમાં, મક્કા, મદીના, રિયાધ અને પૂર્વી પ્રાંતમાં 911 અને સાઉદી અરેબિયાના અન્ય ભાગોમાં 998 પર કૉલ કરો.

# FLYDUBAI PILOT ATTACK

અબુ ધાબીની ઝાયેદ મિલિટરી હોસ્પિટલમાં સ્વસ્થ થઈ રહેલા કેપ્ટન સ્મિત મચ્છરે. ફ્લાયદુબઈ ફ્લાઇટમાં બનેલી ઘટના અંગે  કહ્યું કે 30 સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જતી ફ્લાઇટમાં કો-પાયલોટ દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.

કેપ્ટન સ્મિતે કટોકટી દરમિયાન વિમાનનો નિયંત્રણ સંભાળનારા બીજા કેપ્ટનની પણ પ્રશંસા કરી. તેમણે મુસાફરોનો આભાર માનતા કહ્યું કે "બધાએ પોતાના  શ્રેષ્ઠ પ્રયાસ કર્યા .સ્મિત મચ્છરે સારવાર માટે યુએઈ સરકાર અને તેમના સ્વાસ્થ્યની શુભેચ્છા પાઠવનારાઓનો આભાર માન્યો. તેમણે આશા વ્યક્ત કરી કે તે ટૂંક સમયમાં ફરીથી ઉડાન ભરી શકશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FRANCE PROTEST

ફ્રાન્સમાં વધતી જતી મોંઘવારી અને શાળાઓની ખરાબ સ્થિતિ સામે રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો દરમિયાન લગભગ 1,800 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘણા શહેરોમાં તોફાનીઓએ આગ લગાવી અને મ્યુનિસિપલ હોલ સહિત જાહેર ઇમારતો પર હુમલો કર્યો. ફ્રાન્સમાં આશરે 550,000 લોકોએ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન આજે વરિષ્ઠ સરકારી અધિકારીઓ સાથે કટોકટીની બેઠક કરશે. ત્યારબાદ તેઓ રાષ્ટ્રને સંબોધન કરશે. પ્રધાનમંત્રી સેબેસ્ટિયન લેકોર્નુએ હિંસાની નિંદા કરતા કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ સ્વીકાર્ય છે, પરંતુ આગચંપી, લૂંટફાટ અને હુમલાઓ સહન કરી શકાતા નથી.

# UKRAINE STRIKE - RUSSIA

યુક્રેનિયન સૈન્યએ આજે રશિયા સામે અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો, જેમાં એક હજારથી વધુ ડ્રોનનો ઉપયોગ થયો. આ હુમલામાં સેન્ટ પીટર્સબર્ગમાં તેલ નિકાસ ટર્મિનલમાં આગ લાગી ગઈ. સેન્ટ પીટર્સબર્ગના ગવર્નર એલેક્ઝાન્ડર બેગલોવે જણાવ્યું હતું કે આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને પાંચ અન્ય ઘાયલ થયા હતા, અને શહેરના રુચી તેલ ડેપોમાં આગ લાગી હતી.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે તેના દળોએ 15 રશિયન પ્રદેશો તેમજ રશિયા-નિયંત્રિત યુક્રેનિયન દ્વીપકલ્પ ક્રિમીઆ અને કાળા સમુદ્રમાં એક હજારથી વધુ યુક્રેનિયન ડ્રોનનો નાશ કર્યો હતો.યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુક્રેનના ઉર્જા માળખા પર રશિયાના સતત હવાઈ હુમલાઓની નિંદા કરી હતી. તેમણે મોસ્કો પર અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા ઉર્જા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

# IRAN WARN - US

ઈરાનની સંસદે આજે મેહરદાદ અખલાગીની સંરક્ષણમંત્રી તરીકે નિમણૂકને મંજૂરી આપી. 237 સાંસદોએ પક્ષમાં મતદાન કર્યું, જ્યારે 15એ વિરોધમાં મતદાન કર્યું.

ઈરાનના નવનિયુક્ત સંરક્ષણ મંત્રી, મેહરદાદ અખલાગીએ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન પર ફરીથી હુમલો કરવા સામે ચેતવણી આપી. તેમણે જણાવ્યું હતું કે ઈરાને "મધર ઓફ ઓલ બોમ્બ્સ"નો સામનો કરવા માટે તમામ જરૂરી પગલાં લીધાં છે અને તેને તેની લશ્કરી તૈયારીઓમાં વિશ્વાસ છે. મતદાન પહેલાં સંસદને સંબોધતા, અખલાગીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને તણાવ વધારવાનું ટાળવા અને પ્રદેશમાંથી યુએસ સૈનિકો ને  સુરક્ષિત પાછા  ખેંચી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી.

# CANADA MILITARY BASE-FIRE

કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં લશ્કરી થાણામાં ભીષણ આગ લાગવાથી અનેક લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. કેનેડાના સંરક્ષણ મંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ વાતની પુષ્ટિ કરી છે. કેનેડાના પ્રધાન મંત્રી માર્ક કાર્નેએ આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે સરકાર પરિસ્થિતિનો સામનો કરવા માટે પ્રાંતીય સરકાર અને સ્થાનિક વહીવટીતંત્ર સાથે મળીને કામ કરી રહી છે.

# EVE. ASIAN PARA GAMES 2026

જાપાનના આઈચી-નાગોયામાં આજે 'એશિયન પેરા ગેમ્સ 2026'નો પ્રારંભ થયો છે, જેમાં 45 રાષ્ટ્રીય પેરાલિમ્પિક સમિતિઓના લગભગ 3000 ખેલાડીઓ એકત્ર થયા છે નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમમાં “WABI: We Are Beautiful Individuals” વિષયવસ્તુ સાથે ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. જાપાનના પ્રધાન મંત્રી  સાનાએ તાકાઈચી એ સમગ્ર એશિયામાંથી આવેલા ખેલાડીઓ અને અધિકારીઓનું સ્વાગત કર્યું હતું.

પેરા-બેડમિન્ટન ખેલાડી પ્રમોદ ભગત અને દોડવીર સિમરન શર્મા ધ્વજવાહક તરીકે ભારતીય દળનું નેતૃત્વ કરી રહ્યા છે. ભારતે 281 સભ્યોનું દળ મોકલ્યું છે

# MALAYSIA SQUASH

મલેશિયા સ્ક્વોશ જુનિયર ઓપનમાં ભારતના લોકેશ સુબ્રમણીએ આજે કુઆલાલમ્પુર ખાતે રમાયેલી ફાઇનલમાં સ્થાનિક ખેલાડી મુહમ્મદ ઇફવત ઝુલકિફલીને 11-6, 11-2, 11-8 થી હરાવીને અન્ડર-17 બોયઝ નું ટાઇટલ જીતી લીધું છે,

આ ઉપરાંત, આદ્યા બુધિયા અને આર્યમાન સિંઘ અનુક્રમે અન્ડર-17 ગર્લ્સ અને બોયઝ વર્ગમાં સેમીફાઇનલમાં, જ્યારે અન્ડર-13 ગર્લ્સ વર્ગમાં દિવ્યાંશી જૈન, અન્ડર-11 ગર્લ્સ વર્ગમાં અવિશા અગ્રવાલ અને અન્ડર-19 બોયઝ વર્ગમાં શ્રવિન જૈન ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા હતા.